## સંક્ષિપ્ત સમાચાર

### ખત્રી વિદ્યાલયના વિદ્યાર્થીઓએ વાયબ્રન્ટ ગુજરાત અંતર્ગત વડોદરા ખાતે મુલાકાત લીધી




**બોડેલી :** છોટાઉદેપુર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા બોડેલી તાલુકાના વિદ્યાર્થીઓને વડોદરા મુકામે વાયબ્રન્ટ ગુજરાત અંતર્ગત વિદ્યાર્થીઓને બસ દ્વારા વડોદરા મુકામે મુલાકાતે લઈ જવામાં આવ્યા. વિવિધ શાળાઓના બાળકોએ ભાગ લીધો. જેમાં ખત્રી વિદ્યાલય બોડેલીના વિદ્યાર્થીઓ એ પણ આ મુલાકાત નો લાભ લીધો. વાયબ્રન્ટ ગુજરાત સમિટ માં અલગ અલગ સ્ટોલની મુલાકાત લીધી. જ્યાં સ્વદેશી અપનાવો,દેશને સમૃદ્ધ બનાવો.આ થીમ પર ઘણા બધા સ્ટોલ ઉભા કરવામાં આવ્યા હતા.

### છોટાઉદેપુરમાં નિઝામુદ્દીન બાવાના 70મા ઉર્ષની ઉજવણી કરવામાં આવી



**છોટાઉદેપુર :** ઉર્ષના પ્રથમ દિવસે સંદલ શરીફ નિમિત્તે શહેરમાં ભવ્ય ઝુલૂસ નીકળ્યું, જેમાં મોટી સંખ્યામાં અકીદતમંદોએ ઉત્સાહભેર ભાગ લીધો. સમગ્ર વાતાવરણ ધાર્મિક શ્રદ્ધા અને સૌહાર્દના રંગમાં રંગાઈ ગયું હતું. છોટાઉદેપુર શહેરમાં હાજી પીર નિઝામુદ્દીન બાવા સાહેબના 70મા ઉર્ષ મેળાની શરૂઆત સંદલ શરીફના ઝુલૂસ સાથે થઈ હતી. દરગાહથી શરૂ થયેલું ઝુલૂસ શહેરના મુખ્ય માર્ગો પરથી પસાર થઈ ફરી દરગાહ ખાતે પૂર્ણ થયું હતું. ઝુલૂસ દરમિયાન અકીદતમંદોએ દરુદો-સલામ અને ઝિક્ર સાથે હાજરી આપી હતી.

### સંખેડાની ડી.બી.પારેખ સાર્વજનિક હાઇસ્કૂલ વિદ્યાર્થીઓએ "વાઇબ્રન્ટ ગુજરાત રિજિયોનલ કોન્ફરન્સ"ની મુલાકાતે




**સંખેડા :** આ કોન્ફરન્સમાં વિદ્યાર્થીઓને ગુજરાત સરકારની વિવિધ વિકાસલક્ષી યોજનાઓ, ઔદ્યોગિક વિકાસ, સ્ટાર્ટઅપ ઇનોવેશન, ડિજિટલ પરિવર્તન તથા આત્મનિર્ભર ભારતના વિઝન અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. વિવિધ ઉદ્યોગોના નિષ્ણાતો અને વક્તાઓએ પોતાના અનુભવો તથા સફળતાની કહાનીઓ રજૂ કરી વિદ્યાર્થીઓને નવી દિશા અને પ્રેરણા પૂરી પાડી હતી. વિદ્યાર્થીઓએ વિવિધ પ્રદર્શનો, ટેક્નોલોજીકલ મોડેલો અને નવીન સંશોધનોનું નિરીક્ષણ કરી આધુનિક ટેકનોલોજી, કૃત્રિમ બુદ્ધિમત્તા (AI), ગ્રીન એનર્જી, ડિજિટલ સોલ્યુશન્સ અને ઉદ્યોગક્ષેત્રમાં થઈ રહેલી પ્રગતિ વિશે મહત્વપૂર્ણ જાણકારી મેળવી હતી.

### શિનોરમાં જેટકોના નિવૃત્ત કર્મચારી રાજેન્દ્રકુમાર ખત્રીને લાગણીસભર વિદાય



**શિનોર :** જેટકોના શિનોર સબ સ્ટેશન ખાતે લાંબા સમય સુધી આસિસ્ટન્ટ ઓપરેટર તરીકે સેવા આપનાર રાજેન્દ્રકુમાર ખત્રીની નિવૃત્તિ નિમિત્તે વિદાય સમારંભ યોજાયો હતો. પ્રસંગે ભગવાન સત્યનારાયણની કથાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં બોડેલી ડિવિઝનના ઇજનેરો, અધિકારીઓ, કર્મચારીઓ, એપીએમસી ચેરમેન સચિન પટેલ, ઉપસરપંચ નીતિનભાઈ સહિત મહાનુભાવોએ હાજરી આપી હતી. રાજેન્દ્રકુમાર ખત્રીએ કર્મચારી તરીકેની ફરજ ઉપરાંત છેલ્લા 16 વર્ષથી ગુજરાત વિદ્યુત ટેકનિકલ કર્મચારી મંડળના સેક્રેટરી જનરલ તરીકે ટેકનિકલ કર્મચારીઓના પ્રશ્નોના નિરાકરણમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હોવાનું વક્તાઓએ જણાવ્યું. તેમના સન્માનમાં કુમકુમ તિલક, શાલ, નાળિયેર, સાકર અને સ્મૃતિભેટ અર્પણ કરવામાં આવી હતી.

### કરજણ પોલીસ સ્ટેશનમાં PSI જી.બી. પટેલનો વિદાય સમારોહ યોજાયો



**કરજણ :** ગુજરાત - કરજણ પોલીસ સ્ટેશન ખાતે એક હૃદયસ્પર્શી વિદાય સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં પોલીસ સબ-ઇન્સ્પેક્ટર (PSI) જી.બી. પટેલને તેમની બે વર્ષની સરાહનીય સેવા અને સમર્પણ બાદ નિવૃત્તિ આપવામાં આવી હતી. આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવો અને નગરજનોએ PSI પટેલની નિષ્ઠાવાન સેવાને બિરદાવી હતી. આ વિદાય સમારોહમાં કરજણ ડિસ્ટ્રિક્ટ જજ ઢીમ્મર સાહેબ, કરજણ પોલીસ સ્ટેશનના પી.આઈ. બી.એન. પટેલ, વલણ પોલીસ સ્ટેશનના પી.આઈ. પી.એન. ચૌધરી, તેમજ કરજણ પોલીસ ડીસ્ટાફ અને સમગ્ર પોલીસ સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

**નસવાડી તાલુકામાં લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડા કરતા ઝોલાછાપ ડોક્ટરો**

# ૧૦ જેટલા ગામોમાં બોગસ ડોક્ટરની સામે તપાસ કરવા તા.વિ.અધિકારીને ઉગ્ર રજૂઆત

**ખુલેઆમ ચાલતા દવાખાના અંગે લાયસન્સ છે કે નહિ તેની તપાસ કરવા માંગ**



(પ્રતિનિધિ) નસવાડી, તા.1

નસવાડી તાલુકામાં 210 ગામો આવેલા છે આદિવાસી વસ્તી ધરાવતો તાલુકો છે અને જેમાં બોગસ ડોક્ટરો દવાખાના ખોલીને બેઠા છે જેમાં નસવાડી તાલુકાના રતનપુર કપરાલી, સેંગપુર, ગઢ બોરીયાદ, તરોલ, કાંધા, લાવાકોઈ, વાડિયા આ ગામોમાં બોગસ ડોક્ટરો આદિવાસી ના સ્વસ્થ સાથે ચેડા કરી રહ્યા છે આરોગ્ય વિભાગ આ બોગસ ડોક્ટરો ને દવાખાના ચલાવાની પરમિશન આપી હોય તે રીતના ખુલે આમ દવાખાના ચલાવી રહ્યાં છે જેને લઈને આદિવાસી સમાજના લોકોએ તાલુકા પંચાયત માં આવીને ઉગ્ર સૂત્રચારો કરીને તાલુકા વિકાસ અધિકારી ને રજૂઆત કરી હતી અને બોગસ દવાખાના ચાલે છે તેને બંધ કરવામાં નહીં આવે તો આગામી દિવસોમાં તાલુકા પંચાયત કચેરી માં ધરણા કરવાની ચીમકી ઉચ્ચારી છે હાલ તો તાલુકા વિકાસ અધિકારી એ લોકોની રજૂઆત સાંભળીને ઉચ્ચ કક્ષા એ આની જાણ કરવાની ખાતરી આપી છે પરતું આદિવાસી સમાજ ના લોકો બોગસ ડોક્ટરો ના દવાખાના તંત્ર બંધ નહીં કરાવે તો ઉગ્ર આંદોલન કરવાની ચીમકી વિચારી છે નસવાડી તાલુકામાં 8 જેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર 2 સામુહિક આરોગ્ય કેન્દ્ર અને એક બ્લોક હેલ્થ ઓફિસરને સરકારને બોગસ ડોક્ટરો પડકાવા માટે વારંવાર સૂચના આપે છે

પરંતુ ડોક્ટરો અને બ્લોક હેલ્થ ઓફિસર આ બોગસ ડોક્ટરોને મદદ કરતા હોય તે રીતના ખુલ્લે આમ દવાખાના ચલાવામાં આવે છે લાવાકોઈ ગામના ગ્રામજનો એ પાણી ની સમસ્યા ને લઈને પણ ઉગ્ર રજૂઆત કરી હતી.

## છોટાઉદેપુર પોસ્ટ ઓફિસમાં નવીનભાઈ રાઠવા વિદાય સમારોહ



(પ્રતિનિધિ) શિનોર, તા.1

જેટકોના શિનોર સબ સ્ટેશન ખાતે લાંબા સમય સુધી આસિસ્ટન્ટ ઓપરેટર તરીકે સેવા આપનાર રાજેન્દ્રકુમાર ખત્રીની નિવૃત્તિ નિમિત્તે વિદાય સમારંભ યોજાયો હતો. પ્રસંગે ભગવાન શ્રી સત્યનારાયણની કથાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં બોડેલી ડિવિઝનના ઈજનેરો, અધિકારીઓ, કર્મચારીઓ, એપીએમસી ચેરમેન સચિન પટેલ, ઉપસરપંચ નીતિનભાઈ સહિત મહાનુભાવોએ હાજરી આપી હતી. રાજેન્દ્રકુમાર ખત્રીએ કર્મચારી તરીકેની ફરજ ઉપરાંત છેલ્લા 16 વર્ષથી ગુજરાત વિદ્યુત ટેકનિકલ કર્મચારી મંડળના સેક્રેટરી જનરલ તરીકે ટેકનિકલ કર્મચારીઓના પ્રશ્નોના નિરાકરણમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હોવાનું વક્તાઓએ જણાવ્યું. તેમના સન્માનમાં કુમકુમ તિલક, શાલ, નાળિયેર, સાકર અને સ્મૃતિભેટ અર્પણ કરાઈ હતી.

## ડૉ.બાબાસાહેબ આંબેડકર ભવન છોટાઉદેપુર ખાતે સાંસદ જશુભાઈ રાઠવાની ઉપસ્થિતિમાં નમો સ્વચ્છતા અભિયાન કાર્યક્રમ યોજાયો



**છોટાઉદેપુર :** ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ તેમજ આરોગ્ય વિભાગ, જિલ્લા હોસ્પિટલ છોટાઉદેપુરના સંયુક્ત ઉપક્રમે ડો. બાબાસાહેબ આંબેડકર ભવન, છોટાઉદેપુર ખાતે 'નમો સ્વચ્છતા અભિયાન' અંતર્ગત સાંસદ જશુભાઈ રાઠવાની ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજાયો હતો. નમો સ્વચ્છતા અભિયાન અંતર્ગત રાજ્યના તમામ 'આરોગ્ય મંદિરો'માં તા.૧ થી ૭ જુલાઈ સુધી સામૂહિક સ્વચ્છતા મહાઅભિયાન હાથ ધરવામાં આવશે. આ ઝુંબેશનો મુખ્ય હેતુ છેવાડાના માનવીને મળતી આરોગ્ય સેવાઓના સ્થળને સંપૂર્ણપણે સ્વચ્છ અને સુવિધાયુક્ત બનાવવાનો છે.આ કાર્યક્રમમાં ઉપસ્થિત સૌએ ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં યોજાયેલા કાર્યક્રમનું જીવંત પ્રસારણ નિહાળ્યું હતું. કાર્યક્રમના અંતે લોકસભાના સાંસદ જશુભાઈ રાઠવાના વરદ હસ્તે 'મેડિકલ મોબાઈલ યુનિટ બાઈક'નું લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવી હતી. આ સેવાથી અંતરિયાળ વિસ્તારોમાં લોકોને ઝડપી આરોગ્ય સેવાઓ મળી રહેશે.

**અન્ય શિક્ષકો સાથે અયોગ્ય વર્તન જેવી બાબતો પણ પ્રકાશમાં આવી**

# પાદરાની એસ.પી. શ્રોફ પ્રાથમિક શાળાના શિક્ષક રાધેકૃષ્ણ પટેલ સસ્પેન્ડ

**બાળકોને શિક્ષણથી વંચિત રાખવા, શારીરિક-માનસિક શિક્ષા અને શાળાકીય ગેરવહીવટ સહિતના ગંભીર આક્ષેપોને પગલે કાર્યવાહી**

(પ્રતિનિધિ) પાદરા, તા.1

પાદરા તાલુકાની જિલ્લા પંચાયત હસ્તકની એસ.પી. શ્રોફ પ્રાથમિક શાળાના એક વિદ્યાર્થીના વાલીની રજૂઆત સહિત વિવિધ રજૂઆતો અને તપાસ અહેવાલોના આધારે જાણવા મળ્યું હતું કે રાધેકૃષ્ણ કા.પટેલે છેલ્લા બે વર્ષથી ધોરણ-૫માં અભ્યાસ કરતા બે વિદ્યાર્થીઓને વર્ગબઢતી આપ્યા વગર એ જ ધોરણમાં અટકાવી રાખ્યા હતા. ઉપરાંત, એક વિદ્યાર્થીની વિધવા માતાના ઘરે બાળકને શાળાએ બોલાવવાના બહાને વારંવાર મુલાકાત લેતા હોવાના પણ આક્ષેપો કરવામાં આવ્યા હતા, જેના કારણે વાલીમાં સામાજિક નામોશીનો ભય વ્યાપ્યો હોવાનું રજૂઆતમાં જણાવાયું હતું. તપાસ દરમિયાન એવું પણ બહાર આવ્યું કે શાળામાં માત્ર ૧૨ વિદ્યાર્થીઓ હોવા છતાં પ્રત્યક્ષ શિક્ષણકાર્ય કરાવવાને બદલે બાળકોને માત્ર ટીવી બતાવવામાં આવતું હતું. પાઠ્યપુસ્તક અને અભ્યાસક્રમ આધારિત શિક્ષણ પૂરતું આપવામાં આવતું નહોતું. શાળાકીય ત્રિમાસિક કસોટીની જવાબવહીઓ યોગ્ય રીતે ચકાસવામાં આવી નહોતી અને વિદ્યાર્થીઓને ઉચ્ચ ગુણ દર્શાવવાના આક્ષેપો પણ સામે આવ્યા હતા. આ ઉપરાંત, એકમ કસોટીના ગુણ ઓનલાઈન અપલોડ કરવામાં વિલંબ, ગ્રુપની પેટા શાળાઓને કન્ટિજેન્સી અને વિદ્યાલક્ષ્મી બોન્ડના નાણાં સમયસર ચૂકવવામાં નિષ્ફળતા, શાળાકીય નાણાકીય વ્યવહારોમાં શંકાસ્પદ વહીવટ અને અન્ય શિક્ષકો સાથે અયોગ્ય વર્તન જેવી બાબતો પણ તપાસમાં પ્રકાશમાં આવી હતી.

# વેજલપુર ગામમાં ઘર આંગણેથી બાઈક ચોરાઇ

(પ્રતિનિધિ) કાલોલ, તા.1

મૂળ વડોદરાના ગાજરાવાડી વિસ્તારમાં રહેતા અને ઈલેક્ટ્રિશિયન તરીકે છૂટક મજૂરી કરતા વિશ્વકર્મા વિશ્વંભરનાથ રામપ્રતાપ (ઉ.વ. ૨૬) એ વર્ષ ૨૦૨૬માં જ કાળા કલરની હોન્ડા સાઈન મોટરસાયકલ (નંબરઃ GJ-06-SP-2410) ખરીદી હતી. આ બાઈક તેમણે પોતાના પિતાને વ્યવસાયિક ઉપયોગ માટે આપી હતી. તેમના પિતા કાલોલ તાલુકાના કાનોડ બ્રિજ પાસે ફેબ્રિકેશનનું કામ કરતા હોવાથી છેલ્લા ચારેક મહિનાથી આ બાઈક ત્યાજ હતી.

દરમિયાન, ગત ૨૯ મે ૨૦૨૬ના રોજ કામ દરમિયાન પિતા બ્રિજ પરથી પડી જતાં તેઓ ઈજાગ્રસ્ત થયા હતા અને તેમને સારવાર અર્થે વડોદરા ખસેડાયા હતા. આથી, આ મોટરસાયકલ વાપરવા માટે તેમણે પોતાના મિત્ર પ્રણયકુમાર વિભુતિ ભુષણ પ્રસાદસિંહ (રહે. મારુતીધામ સોસાયટી, વેજલપુર-ખરસાલીયા રોડ) ને સોંપી હતી. ગત તારીખ ૨૪ જૂન ૨૦૨૬ના રોજ રાત્રે આશરે ૧૧:૩૦ વાગ્યે પ્રણયકુમાર પોતાનું કામ પતાવીને ઘરે પરત ફર્યા હતા અને મોટરસાયકલ ઘરના આંગણામાં સ્ટેરિંગ લૉક કરીને મૂકી હતી. બીજા દિવસે એટલે કે ૨૫ જૂનની સવારે આશરે ૦૮:૦૦ વાગ્યે તેઓ જાગીને બહાર આવ્યા ત્યારે ઘર આંગણેથી મોટરસાયકલ ગાયબ હતી. કોઈ અજાણ્યો ચોર ઈસમ રાત્રિના સમયે લૉક તોડીને બાઈક ચોરી કરી ગયો હોવાનું માલૂમ પડ્યું હતું. જે અંગે ફરિયાદ નોંધાવતા કાર્યવાહી કરી છે.

**લોકહિતને ધ્યાને રાખી ચોમાસા પહેલા મરામતની કામગીરી કરવા માંગ**

# શિનોર-માલસર બિસમાર માર્ગથી અકસ્માતનો ભય, ધૂળની ડમરીઓ ઉડતા વાહનચાલકો પરેશાન

(પ્રતિનિધિ) શિનોર, તા.1

વડોદરા જિલ્લા પંચાયતની શિનોર બેઠક પરથી કોંગ્રેસ પક્ષના ચૂંટાયેલા સભ્ય ભૂપેન્દ્રભાઈ પટેલે શિનોરથી માલસર સુધી નિર્માણાધીન માર્ગનું સ્થળ નિરીક્ષણ કર્યું હતું. માર્ગની ધીમી ગતિએ ચાલી રહેલી કામગીરી, ઉડતી ધૂળ અને માર્ગ પર પડેલા કપચાના કારણે વાહનચાલકોને પડી રહેલી મુશ્કેલીઓ અંગે તેમણે ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે માર્ગ પર ખુલ્લા પડેલા કપચી અને ભારે ધૂળના કારણે નાના-મોટા અકસ્માતોની ઘટનાઓ બનતી હોવાની ફરિયાદો મળી રહી



છે. આ સ્થિતિમાં સંબંધિત એજન્સી દ્વારા નિયમિત પાણીનો છંટકાવ કરવામાં આવે તેમજ માર્ગ સુરક્ષાના જરૂરી તમામ પગલાં તાત્કાલિક લેવામાં આવે તે જરૂરી છે. ભૂપેન્દ્રભાઈ પટેલે સંબંધિત વિભાગને માર્ગનું કામ ગુણવત્તાસભર રીતે અને યુદ્ધના ધોરણે પૂર્ણ કરવાની માંગ કરી હતી. સાથે જ જ્યાં સુધી કામગીરી પૂર્ણ ન થાય ત્યાં સુધી વાહનચાલકોની સલામતી માટે પૂરતી તકેદારી રાખવા પણ તેમણે ભાર મૂક્યો હતો. સ્થળ નિરીક્ષણ દરમિયાન તેમણે માર્ગ નિર્માણમાં થઈ રહેલા વિલંબ મુદ્દે સરકાર અને સંબંધિત અધિકારીઓ સામે નારાજગી વ્યક્ત કરી હતી.

## પાદરા-જંબુસર રોડ ઉપર અજાણ્યા વાહનની અડફેટે બાઈકચાલક ઘવાયો

પાદરા : પાદરા તાલુકાના કુરાલ ગામની સીમમાં આઈસર ટેમ્પોના અજાણ્યા ચાલકે પાદરા-જંબુસર રોડ પર પુરઝડપે અને બેફીકરાઈથી વાહન હંકારી હીરો હોન્ડા મોટરસાયકલ ટક્કર મારી હતી. આ અકસ્માતમાં મોટરસાયકલ ચાલક પૃથ્વીરાજ નરેન્દ્રભાઈ પરમાર (ઉ.વ. 20), રહે. માસારોડ, તા. પાદરા, ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. તેમને જમણા હાથના કાંડાના ભાગે ફ્રેક્ચર ઉપરાંત મોઢા અને કપાળના ભાગે ઈજાઓ પહોંચી હતી. બનાવ અંગે પૃથ્વીરાજ પરમારે વડુ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. અકસ્માત સર્જી ફરાર થયેલા આઈસર ટેમ્પોના અજાણ્યા ચાલકની શોધખોળ પોલીસ દ્વારા શરૂ કરવામાં આવી છે.

**વાઘોડિયાના રુસ્તમપુરા ડુંગર વિસ્તારમાં કૌભાડ**

# મહુડાના લીલા વૃક્ષનું નિકંદન કરી લાકડા ભરી જાતો ટેમ્પો ફ્લાઈંગ સ્કોર્ડે જડપી પડ્યો

(પ્રતિનિધિ) વાઘોડિયા, તા.1

વાઘોડિયા તાલુકાના રુસ્તમપુરા ડુંગર વિસ્તારમાંથી છોટા ઉદેપુર ફ્લાઈંગ સ્કોડ મોબાઈલ ટીમ દ્વારા બાતમીના આધારે ગેરકાયદેસર લીલા લાકડાની મોટી ચોરી ઝડપી પાડી છે. ચોક્કસ બાતમીના આધારે પોતાની મોબાઈલ ટીમ સાથે રેડ પાડી પ્રતિબંધિત મહુડાના લીલા લાકડા ભરીને જઈ રહેલ એક ટેમ્પો ઝડપી પાડ્યો છે.

ઘટના સ્થળેથી થોડે દૂર મહુડાના થડ પણ મળી આવ્યા છે. જોકે આ તમામ ઘટનાથી વાઘોડિયા વન વિભાગ ઊંઘતું ઝડપાયું હોય તેવું લાગી રહ્યું છે. આ પહેલા અનેકવાર ખેર



અને ચંદનના વૃક્ષોની ચોરી અંગે ગ્રામ પંચાયતો દ્વારા અનેક ફરિયાદો વન વિભાગ અને મામલતદારને કરવામાં આવી હોવા છતાં આજદિન સુધી કોઈ અધિકારી દ્વારા નક્કર કાર્યવાહી થી સ્થાનિકોને સંતોષ નથી.

જો કે એક તરફ વરસાદ ખેંચાઈ રહ્યો છે અને બીજી તરફ પર્યાવરણને નુકસાન કરવા કીમતી લીલા વૃક્ષોનું સરેઆમ નિકંદન કાઢવામાં આવી રહ્યું છે ,જોકે અન્ય જિલ્લામાંથી મોબાઈલ ટીમ દ્વારા રેડ કરવામાં આવતા હવે તપાસ કરી લીલા વૃક્ષોનું નિકંદન કરનાર લાકડા માફિયાઓ સામે કાયદેસરની કડક કાર્યવાહી થાય તેવી લોકમાંગ પણ પ્રબળ બની છે.ઝડપાયેલ ટેમ્પાનો અસલી માલિક કોણ છે.? તે દિશામાં ફ્લાઈંગ સ્કોડ દ્વારા તપાસ તેજ કરવામાં આવી છે.

**છોટાઉદેપુર જિલ્લામાં વહેલી સવારથી જ મેઘરાજાની પધરામણી**

# પાનવડ ગામમાંથી પસાર થતી ધામની નદી બે કાંઠે વહેતી થઈ

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.1

છોટાઉદેપુર જિલ્લામાં વહેલી સવારથી જ મેઘરાજાએ ધમાકેદાર બેટિંગ શરૂ કરી છે. જિલ્લાના ઉપરવાસમાં પડેલા ભારે વરસાદને કારણે સ્થાનિક નદી-નાળામાં પાણી આવ્યા હતા અને નવા નીરની આવક થઈ છે. ભારે વરસાદના પગલે પાનવડ ગામમાંથી પસાર થતી ધામની નદી બે કાંઠે વહેતી થઈ હતી

અત્રે ઉલ્લેખનીય છે કે, ગત વર્ષે ચોમાસા દરમિયાન ધામની નદી પર આવેલો મુખ્ય પુલ ભારે પાણીના પ્રવાહને કારણે ક્ષતિગ્રસ્ત થયો હતો. આ પુલ બિસ્માર બનતા તંત્ર દ્વારા વાહનવ્યવહારની અવરજવર ચાલુ રાખવા માટે બાજુમાં એક કામચલાઉ ડાયવર્ઝન રસ્તો તૈયાર કરવામાં આવ્યો હતો. સ્થાનિકો લાંબા સમયથી આ વૈકલ્પિક રસ્તાનો જ ઉપયોગ કરી રહ્યા હતા. આજે વહેલી સવારથી શરૂ થયેલા વરસાદ અને ઉપરવાસમાં થયેલા વરસાદને કારણે ધામની નદીમાં પૂરની સ્થિતિ



સર્જાઈ છે. પૂરના પાણી નદી પર બનેલા કામચલાઉ ડાયવર્ઝન પર ફરી વળ્યા છે, જેના કારણે આ ડાયવર્ઝન સંપૂર્ણપણે પાણીમાં ગરકાવ થઈ ગયું છે. રસ્તા પર પાણી આવી જતાં પાનવડ ગામને જોડતો મુખ્ય માર્ગ બંધ થઈ ગયો છે અને વાહનવ્યવહાર સંપૂર્ણપણે ઠપ થઈ ગયો છે.આ પરિસ્થિતિના કારણે સ્થાનિક રહીશો, નોકરિયાતો અને રાહદારીઓ ભારે મુશ્કેલીમાં મુકાયા છે. ગામમાં આવવા-જવા માટે હવે લોકોને બે કિલોમીટર જેટલો લાંબો વધારાનો ફેરાવો કરવો પડી રહ્યો છે.